ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ગૃપ બેઠકો અને મિત્રમંડળની રાજનીતિ રંગ જમાવી રહી છે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો જંગ હવે જામવા લાગ્યો છે. ઉમેદવારોના પ્રચારમાં જાહેર પ્રચાર અભિયાનનો પણ આરંભ થઈ ચુક્યો છે.

ડોર ટુ ડોર પ્રચાર અભિયાન પછી હવે જિલ્લામાં ગૃપ બેઠકો, ખાટલા પરિષદો, મિત્ર મંડળની રાજનીતિનો દોર શરૂ થઈ ચુક્યો છે. સામાજિક આગેવાનોની સક્રિયતા પણ વધેલી જોવા મળી રહી છે.

જિલ્લામાં ઉમેદવારો દ્વારા મતદારોને રિઝવવાના પ્રયાસો ભરપૂર શરૂ થઈ ગયા છે. કાર્યાલયો પણ ધમધમવા લાગ્યા છે. નાસ્તા અને ચા-પાણી પણ શરૂ થઈ ગયા છે.

આ વખતના પ્રચારમાં મિત્રમંડળની રાજનીતિ અને ગૃપ બેઠકો ચૂંટણીના પરિણામો પર છવાયેલા રહેશે તેમ રાજકીય વર્તુળોનું કહેવુ છે. ડેમેજ કંટ્રોલની કામગીરી બન્ને મુખ્ય પક્ષોએ પુરી કરી લીધી છે.

બીજી તરફ અપક્ષો અને અન્ય પક્ષના ઉમેદવારો પણ તેમના પ્રચાર અભિયાનને વેગીલુ બનાવી રહ્યા છે. જો કે તેમની પાસે ટાંચા સાધનો જરૂર છે છતાં તેઓ મુખ્ય સ્પર્ધક પક્ષોને હંફાવવામાં સફળ જરૂર રહ્યા છે. અપક્ષો અને અન્ય પક્ષોની હાજરી પરિણામોમાં જોવા મળશે.

હાલ તો બન્ને મુખ્ય રાજકીય પક્ષો ડોર ટુ ડોર પ્રચાર અભિયાન પછી ગૃપ બેઠકો અને મિત્રમંડળની રાજનીતિ ખેલવામાં વ્યસ્ત બન્યા છે.

આ ચૂંટણીમાં બન્ને પક્ષના આગેવાનોની સક્રિયતા પણ ધ્યાનાકર્ષક રહી છે. હાલ તો બન્ને પક્ષના આગેવાનો તેમના વિજયના દાવા કરી રહ્યા છે.

ગઈકાલે શહેરી વિસ્તારમાં થયેલા ઓછા મતદાન પછી બન્ને પક્ષોએ બુથ મેનેજમેન્ટ માટેની જવાબદારી માટે ચુનંદા કાર્યકરોને જવાબદારી સોંપી છે તેમજ મતદાન વધુ થાય તે માટે મિત્રમંડળની રાજનીતિને વધુ આક્રમકતા સાથે અમલી બનાવી છે.

બન્ને મુખ્ય પક્ષો દ્વારા જાહેર પ્રચાર તેમજ પ્રચાર અભિયાનના અંતિમ દિવસે રેલીઓ યોજવાના આયોજન પર પણ વિચારણાઓ હાલ હાથ ધરી છે. જો કેટલીક બેઠકો પર આ અંગેનો રૂટ પણ ફાયનલ કરી દેવામાં આવ્યો હોવાનું પક્ષોના સૂત્રોએ કહ્યુ છે.

**ચૂંટણીના ઢોલ ઢબુક્યા**



હવે પછીના ત્રણ દિવસ જાહેર પ્રચાર પણ આક્રમકતાથી આગળ ધપાવવામાં આવશે. ઉમેદવારો દ્વારા રિક્ષાઓ પણ તેમના વિસ્તારોમાં ફેરવવામાં આવી રહી છે. કેટલાક વિસ્તારોમાં તો ડી.જે.ના બેન્ડ સાથે માઈક દ્વારા પ્રચાર કરવામાં આવી રહ્યો છે. મોટા ભાગના ઉમેદવારોએ ડોર ટુ ડોર પ્રચાર અભિયાન સંપન્ન કરી લીધુ હોવાનું પક્ષોના સૂત્રોએ જણાવ્યું છે.





મહાત્મા મંદિર તેમજ રેલવે સ્ટેશન વિસ્તારમાં નિર્મિત નવીન હોટલના પ્રોજેકટને અનુલક્ષી કામગીરી પુર્ણતાના આરે છે. ત્યારે અન્ડર પાસ પણ તૈયાર થઈ ગયો છે. આ વિસ્તારમાં નવા રંગબેરંગી ફુલો નિખરે તે માટે વનતંત્રએ નવા રોપાઓની વાવણી માટે પણ ખાડા ખોદયા છ. હાલ નવા પામ ટ્રી નિખરતા વિસ્તારની રોનક નિખરી છે.

# રામભાઈ મોકરિયા અને દિનેશ પ્રજાપતિ રાજ્યસભામાં બિનહરિફ

## એક દિવસે અલગ મતદાનની જાહેરાત થયા બાદ કોંગ્રેસે ઉમેદવાર ઉભા ન રાખતા બન્ને સીટ ભાજપને ફાળે ગઈ

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાતમાં રાજ્યસભાની બન્ને બેઠક ભાજપને બિન હરિફ મળી ગઈ છે. ભાજપના રામ મોકરિયા અને દિનશ પ્રજાપતિને આજે બિન હરિફ જાહેર કરવામાં આવ્યા છે. એક જ દિવસે અલગ અલગ મતદાનની જાહેરાત થયા બાદ કોંગ્રેસે ઉમેદવાર ઉભા ન રાખતા બન્ને સીટ ભાજપને ફાળે ગઈ છે. બન્ને ઉમેદવારને આજે ચૂંટણીપંચે જીતના સર્ટિફિકેટ આપી દીધા છે. ઉલ્લેખનીય છે કે, ભાજપના સાંસદ અભય ભારદ્વાજ અને કોંગ્રેસના સાંસદ અહેમદ પટેલના નિધનથી બન્ને બેઠક ખાલી પડી હતી.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યસભાની ચૂંટણીમાં બિનહરીફ વિજયી બનવા બદલ રામભાઈ મોકરિયાને અભિનંદન પાઠવી તેઓ સાંસદ તરીકે કેન્દ્ર અને રાજ્ય સરકારની જન કલ્યાણકારી યોજનાઓ જન-જન સુધી પહોંચાડે અને પોતાના વિસ્તારને વિકાસની નવી ઊંચાઈ પર લઈ જાય તેવી શુભકામનાઓ પાઠવી છે.

આ પહેલા ભાજપે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાંથી બે ઉમેદવારોની પસંદગી કરી હતી. જેમાં મૂળ પોરબંદરના અને

● અનુસંધાન પાન-૭ પર

# સે-૨૯ માં નવા આવાસો માટે સાઈટની પસંદગી છ કક્ષાના ૫૬૦ મકાનો બનશે

## લાંબા સમયના અંતે સાઇટ આખરી થતા હવે કામ પણ ઝડપથી શરૂ કરી દેવાશે

ગાંધીનગર તા ૨૨

શહેરના સે-૨૯ માં નવા ૫૬૦ આવાસો બનશે. છેલ્લા ઘણાં સમયથી નવા આવાસો બાંધવા માટે સાઈટ આખરી થતી ન હતી જયારે મંત્રી કક્ષાએ આ નિર્ણય પેન્ડીંગ હતો જયારે હવે નવા મકાનો બાંધવા માટે સે-૨૯ ની પસંદગી થઈ છે. આ વિસ્તારમાં અગાઉ જે આવાસોનુ નિર્માણ કરાયુ હતુ તેની સામે ની જગ્યામાં જ છ કક્ષાના નવા ૫૬૦ મકાનો બાંધવા માટે ટુંકમાં કામ હાથ ધરાશે. આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૧૩૨ કરોડનો ખર્ચ કરાશે.

શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના જોખમી અને જર્જરિત હાલતમાં છે. જેના લીધે હાલ તબક્કાવાર મકાનો તોડવા માટે કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. બીજીતરફ જોખમી આવાસો ખાલી પણ કરાવામાં આવી રહ્યા છે. ત્યારે નવા આવાસો બાંધવા માટે પણ કામ હાથ ધરાયુ છે. અત્યાર સુધી સે-૭ અને સે-૨૯ તેમજ સે-૩૦ માં નવા મકાનો બાંધવામાં આવ્યા છે. જયારે સે-૬ માં હાલ આવાસો બાંધવાની કામગીરી પણ પુર્ણતાના આરે છે. ત્યારે છેલ્લા કેટલાક સમયથી નવા આવાસો બાંધવા તંત્ર દ્વારા ખુલ્લી જગ્યાનો સર્વે કરી સમગ્ર રીપોર્ટ વિભાગમાં ઉચ્ચ કક્ષાએ રજુ કરી દેવાયો હતો પરંતુ લાંબા સમયથી નિર્ણય ન લેવાતા નવા આવાસો બાંધવાની કાર્યયોજના ચાલુ થઈ શકી ન હતી જયારે થોડા દિવસો અગાઉ નગરના જુના સેકટરોમાં જ નવા આવાસો બાંધવાની વિચારણા હાથ ધરવામાં આવી હતી. હાલ સે-૬ માં એકબાજુ આવાસો તૈયાર થઈ રહ્યા છે. ત્યારે જુના સેકટરોમાં સે-૨૮ અને સે-૨૯ માં થી કોઈપણ એક સેકટરમાં નવા છ કક્ષાના મકાનો બાંધવા માટે આયોજન કરવા સાઈટ આખરી કરવાની પ્રકીયા બાકી હતી જો કે હવે નવી ટાવર કોલોનીના નિર્માણ માટે સે-૨૯માં અગાઉ જયાં નવા મકાનો બાંધવામાં આવ્યા હતા તેની સામેના વિસ્તારમાં જ નવા મકાનો બાંધવાનો નિર્ણય લેવાયો છે. આ વિસ્તારમાં છ કક્ષાના ૫૬૦ નવા મકાનો બાંધવામાં આવશે. આ કાર્યયોજના અન્વયે ટેન્ડર પ્રકીયા પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે હવે ટુંકમાં જ કામગીરી શરૂ કરવા વર્ક ઓર્ડર પણ આપી દેવાશે.

# સે-૩૦માં ગટરના ખુલ્લા ઢાંકણો જાનલેવા પુરવાર થાય તેવી દહેશત



ગાંધીનગર તા ૨૨

સે-૩૦ માં ગુજરાત હાઉસીંગ બોર્ડના રહેણાંક વિસ્તારમાં ગટરના ઢાંકણો ખુલ્લી હાલતમાં જોવા મળી રહ્યા છે. જેના લીધે ગમે ત્યારે સોસાયટીમાં જાનલેવા અકસ્માત થવાની દહેશત છે. આ અંગે સ્થાનિકોએ પણ અવારનવાર તંત્ર સમક્ષ રજુઆત કરી છે. આમછતા કોઈ પગલા લેવાતા નથી. ગાંધીનગર સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધી રહ્યુ છે. આમછતા હજુ સુધી સેકટરોમાં ગટરના દુષિત પાણીનો ભરાવો તેમજ ગટરના ખુલ્લા ઢાંકણો અને તુટેલા રસ્તાઓ ઉપરાંત સ્ટ્રીટ લાઈટના ખુલ્લા જોખમી થાંભલાઓ પણ નાગરિકો માટે દુવિધારૂપ બન્યા છે. સેકટરોમાં વાંરવાર ગટર લાઈનને લગતી તકલીફો સ્થાનિકો માટે ત્રાસરૂપ બનતી હોવાની ફરિયાદો ઉઠવા પામે છે. એકબાજુ સેકટરોમાં નવેસરથી ગટર લાઈન નાંખવા માટે પણ ટુંકમાં કામગીરી હાથ ધરવામાં આવનાર છે ત્યારે હાલની સ્થિતિએ સેકટરોમાં ભયજનક દ્રશ્યો જોવા મળી રહ્યા છે. સે-૩૦ માં ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાનો નજીક ખુલ્લી ગટર લાઈન મોતના કુવા સમાન બની છે. ગમે ત્યારે ખુલ્લી લાઈન જાનલેવા પુરવાર થાય તેવી દહેશત પ્રબળ બની છે. ત્યારે ટુંકમાં જ આ ખુલ્લી લાઈનની જોખમી સ્થિતિને નિવારવા માટે નવા ઢાંકણો નાંખવામાં આવે તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# સે-૧૧માં ૩૫ કરોડના ખર્ચે ત્રણ માળની નવી પ્રાંત કચેરી બનશે

## કચેરીને અનુલક્ષી ભોંયરામાં પાર્કીંગ બનાવાશે : ટેન્ડર પ્રક્રીયા પુર્ણ એક વર્ષમાં કામ પુર્ણ કરાશે

ગાંધીનગર તા ૨૨

શહેરના સે-૧૧ માં સ્થિત જિલ્લા કલેકટર કચેરી પાછળના મેદાનમાં પ્રાંત તેમજ મામલતદાર કચેરીના નવા બિલ્ડીંગનુ કામ હાથ ધરવામાં આવશે. ત્રણ મજલાના આ નવા બિલ્ડીંગના નિર્માણને અનુલક્ષીને અંદાજિત રૂ ૩૫ કરોડનો ખર્ચ કરાશે. જયારે વિવિધ કચેરીઓને અનુલક્ષી કર્મચારીઓ માટે બેઈઝમેન્ટ પાર્કીંગની સુવિધા પણ ઉભી કરાશે.

શહેરમાં તબક્કાવાર વિવિધ સરકારી કચેરીઓના નવા બિલ્ડીંગો બાંધવામાં આવી રહ્યા છે. જિલ્લા સેવા સદન તેમજ નવી કલેકટર કચેરી બાદ હાલ સે-૧૦ માં કર્મયોગી ભવનના બે નવા બ્લોકનુ કામ પણ ચાલી રહ્યુ છે. સરકારી આવાસોની સાથે સરકારી કચેરીઓને પણ નવા બાંધકામ મુજબ કોર્પોરેટ લુક આપવામાં આવી રહ્યો છે. સે-૧૧માં કલેકટર કચેરી પાછળ પણ ખુલ્લા મેદાનમાં નવુ બિલ્ડીંગ બાંધવામાં આવશે.પ્રાંત તેમજ મામલતદાર અને સબ રજીસ્ટ્રારની કચેરી માટે ત્રણ મજલાનુ નવુ બિલ્ડીંગ બાધવમાં આવશે. અંદાજિત ૧૦ હજાર ચો ફુટ વિસ્તારમાં આ બિલ્ડીંગનુ નિર્માણ થશે જયારે બિલ્ડીંગેને અનુલક્ષી ભોંયરામાં પાર્કીંગ બનાવાશે. આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૩૫ કરોડનો ખર્ચ કરાશે. જયારે નવા બિલ્ડીંગને અનુલક્ષી નવો સંપ, વોટર હાર્વેસ્ટીંગ સિસ્ટમ, કમ્પાઉન્ડ વોલ , બગીચો , ફાયર સિસ્ટમ, ફર્નિચર અને પાર્કીંગ સહીતની

● અનુસંધાન પાન-૭ પર

# ત્રણ દિવસ બાદ જિલ્લામાં નવા ૧૦ કેસ : ૮ ને ડિસ્ચાર્જ

## ગાંધીનગર તાલુકામાં સરગાસણના બે કેસ સહિત ૪ કેસ નોંધાયા, સે. ૨૬ માં બે કેસ ઉપરાંત સે. ૪, ૨૯, ૧૩ અને પાલજ ગામમાંથી કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના ૧૦ કેસ નોંધાયા છે. જેમાં ગાંધીનગર શહેરમાં ૬ અને ગ્રામ્ય વિસ્તારમાં ૪ કેસ નોંધાયા છે.

શહેર જિલ્લામાં કોરોનાથી ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓની સંખ્યા સમાન જોવા મળી છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે પણ તમામ કેસ ગાંધીનગર તાલુકામાં નોંધાયા છે.

ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪ કેસ નોંધાયા છે. જેમાં ત્રણ મહિલા દર્દી છે. આજે નોંધાયેલા તમામ દર્દીઓ મોટીવયના છે. આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ગાંધીનગર તાલુકાના સરગાસણ ગામેથી બે મહિલા દર્દી મળી આવેલ છે. આ ઉપરાંત રાંદેસણ ગામેથી પણ એક મહિલા દર્દી મળેલ છે. કુડાસણ ગામેથી એક કેસ મળી આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધી ૪૦૮૨ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૨ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૬૮૨ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે વધુ ૬ દર્દીઓ નોંધાયા છે. આજે શહેરમાં ૬ મહિલા દર્દીઓ પણ સંક્રમિતોની યાદીમાં છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં ઘણા લાંબા સમય બાદ કોરોનાનો કેસ મળતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. આજે સંક્રમિત થનારાઓમાં ઈન્ફર્મેશન ટેકનોલોજી સાથે સંકળાયેલ તેમજ ઓનલાઈન બિઝનેશ સાથે સંકળાયેલ વ્યક્તીનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે નોંધાયેલા ૬ કેસમાં બે દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે.

શહેરમાં આજે સે. ૨૬માં બે કેસ ઉપરાંત સે. ૪, ૨૯, ૧૩ તેમજ પાલજ ગામેથી એક કેસ મળી આવેલ છે. શહેરમાં આજે વધુ ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

# સે-૨૫માં ઝુંપડવાસીઓના આવાસો ગટરના દુષિત પાણીમાં ગરકાવ...!!

## રહીશો બારી પણ ખોલી શકતા નથી : અસહ્ય દુર્ગંધ વચ્ચે ગંદકી રોગચાળાની દહેશત ત્વરિત અસરથી સમસ્યા નિવારવા પ્રબળ માંગ

ગાંધીનગર તા ૨૨

શહેરના સેકટરોમાં ગટરોના દુષિત પાણી ઉભરાતા હોવાની ફરિયાદો અનેકવાર ઉઠવા પામે છે. હાલ શહેરના સે-૨૫ માં સ્થિત ઝુંપડાવાસીઓના આવાસો ફરતે ગટરનુ દુષિત પાણી ફરી વળ્યુ છે. જેના લીધે આવાસના રહીશો ઘરની બારી પણ ખોલી શકે તેમ નથી. ગટરના દુષિત પાણી અને ગંદકી વચ્ચે મચ્છરોનો ઉપદ્રવ પણ વધ્યો છે. ત્યારે સ્થાનિકો રોગચાળાની દહેશત વચ્ચે મુંઝવણ અનુભવી રહ્યા છે. આ વિસ્તારમાં ત્વરિત અસરથી સમસ્યનુ નિરાકરણ આવે તેવી પ્રબળ માંગ પણ ઉઠવા પામી છે.

શહેરના સે-૨૫ માં સ્થિત ઝુંપડા વસાહતમાં ગટરના દુષિત પાણી ફરી વળતા રહીશો તોબા પોકારી ગયા છે. કોલવડાના આ આવાસો ઝુંપડાવાસીઓ માટે નિર્માણ કરાયા છે. જયારે અગાઉ આ આવાસોની તબક્કાવાર ફાળવણી કરવામાં આવી હતી ગોકુલપુરાના દબાણો દુર કરાયા બાદ આ આવાસ યોજના અન્વયે લાભાર્થીઓને મકાનોની પણ ફાળવણી કરવામાં આવી હતી જયારે આવાસોના રીનોવેશન માટે પણ ખર્ચ કરાયો છે. પરંતુ હાલ આ વિસ્તારમાં ગટરના દુષિત પાણી ફરી વળતા ગમે ત્યોર રોગચાળો માથુ ઉંચકે તેવી દહેશત છે. કોલવડાની આવાસ યોજનાના સંકુલમાં ગટરના દુષિત પાણીનુ તળાવ ભરાયુ છે. સ્થાનિક રહીશો હાલ મકાનની બારી પણ ખોલી શકતા નથી. અસહ્ય દુર્ગંધ વચ્ચે રહીશો ગુંગળામણ અનુભવી રહ્યા છે. આ સ્થિતિ વચ્ચે આ વિસ્તારમાં મચ્છરોનો ઉપદ્રવ પણ વધી ગયો છે.



કોરોનાની મહામારી વચ્ચે આ વિસ્તારમાં રહીશો પર નવા રોગચાળાનો ખતરો મંડરાયો છે. તંત્ર દ્વારા ત્વરિત અસરથી ઉભરાતી ગટરની સમસ્યાને ડામવા માટે પગલા લેવાય તેવી માંગણી પણ સ્થાનિકોએ કરી છે. હાલ આવાસ યોજનામાં રહેતા રહીશોએ ઘરની બહાર જવા માટે પણ ગટરના દુષિત પાણીને ઓળંગીને જવુ પડે છે. સ્થાનિકો નર્કાગારની સ્થિતિ અનુભવી રહ્યા છે. ત્યારે ગંદકીના થર વચ્ચે ગમે ત્યારે રોગચાળો જોર પકડે તેવી દહેશત પણ વ્યકત કરવામાં આવી રહી છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧


કૃમિમુકત બાળક : તંદુરસ્ત બાળક

૨૨ ફેબુઆરી'૨૧ થી ૨ માર્ચ ૨૧ રાઉન્ડ ૨૦૨૧ રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ

શુંઆપ જાણો છો કે કૃમિ સંક્રમણથી બાળકોમાં:
• કુપોષણ અને લોહીની ઉણપ થાય છે જેના કારણે હંમેશા થાક લાગે છે.
• સંપૂર્ણ શારિરિક અને માનસિક વિકાસપુ પુર્ણપણે થતો નથી.

કૃમિ સંક્રમણ ને અટકાવવું સહેલુ છે.







૧–૧૯ વર્ષનાં બધાજ બાળકોને સ્કુલ અને આંગણવાડીમાં કૃમિ નિયંત્રણ (ચાવવાની) ગોળી નિ:શુલ્ક આપાવામાંઆવશે.
સ્કુલ ન જતાં અને નોંધાયેલ ન હોય તેવા બાળકોને પણ આ દવા નજીકની આંગણવાડીમાં ખવડાવો.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com